Letter No: TDD/0055/06/2024 Dt: 10-06-2024

**આશ્રમશાળામાં બાળકોને એક જ ધોરણમાં રોકી રાખવા અથવા શાળામાંથી કાઢી મૂકવા ઉપર પ્રતિબંધ.**

**ગુજરાત સરકાર**
આદિજાતિ વિકાસ વિભાગ,
**ઠરાવ ક્રમાંક:** TDD/FDD/e-file/25/2024/0468/GH
સચિવાલય, ગાંધીનગર.

**વંચાણમાં લીધા:**

(૧) " ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" કલમ-૧૬ અને કલમ-૩૮

(૨) કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તા.૧૬/૦૫/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: આવિ/આશા/ફા.નં. ૩૦૬૦/૨૦૨૪/૩૨૬૫

**આમુખ:-**

ભારત સરકાર દ્વારા ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ પ્રાપ્ત થાય તે માટે સંસદમાં "ધી રાઇટ ઓફ ચિલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલસરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯" પસાર કરીને તમામ બાળકોને મૂળભૂત બંધારણીય અધિકાર આપેલ છે. સમગ્ર દેશમાં આ ધારાનો અમલ શરૂ થયેલ છે. આ કાયદાની કલમ-૧૬માં નીચે મુજબની જોગવાઇ છે.

"શાળામાં દાખલ કરેલ કોઇપણ બાળકને પ્રારંભિક શિક્ષણ પૂરું થતા સુધીમાં કોઇપણ ધોરણમાં રોકી શકાશે (Hold Back) અથવા કાઢી મૂકી શકાશે નહી."

**ઠરાવ :-**

ભારત સરકાર દ્વારા આમુખમાં દર્શાવેલ "The Right of Childern to free and Complusory Education Act 2009" ની કલમ-૧૬ અને કલમ-૩૮ ની જોગવાઇ મુજબ "આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતાં કોઇપણ બાળકો કોઇપણ ધોરણમાં પરીક્ષા લઇને રોકી રાખવા અથવા શાળામાંથી કાઢી મૂકવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે." આનો હેતુ પરીક્ષા ઉપર પ્રતિબંધ મૂકવાનો નથી. પરંતુ કસોટીના પરિણામે બાળકને નાપાસ કે પાસ કે શાળામાંથી કાઢી મૂકવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

આશ્રમશાળાના બાળકોનો ટેસ્ટ/કસોટીનો હેતુ બાળક શાળામાંથી કેટલુ શીખ્યો છે તે જાણવા અને તેના પર શાળાએ અથવા શિક્ષકે વધુ પ્રયાસો કરવાની જરૂર છે કે કેમ તે જાણવાનો છે. તેથી આશ્રમશાળાઓમાં વિદ્યાર્થીઓનું સતત સર્વગ્રાહી મૂલ્યાંકન શાળા/શિક્ષકો દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન કરવાનું રહેશે.

આ ઠરાવનો અમલ તમામ આશ્રમશાળાઓ, ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ અને ઉચ્ચતર ઉત્તર બુનિયાદી આશ્રમશાળાઓ તથા તેના સંચાલક મંડળે ચુસ્ત રીતે કરવાનો રહેશે.

આ ઠરાવનો અમલ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ એટલે કે જૂન-૨૦૨૪ થી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(પી.એમ.પટેલ)**
ઉપ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

**પ્રતિ,**

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:07:16 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

- માન. મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(આ.વિ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૭, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, બ્લોક નં.૫, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, બિરસા મુંડા ભવન, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર
- સર્વે પ્રાયોજના વહીવટદારશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે મદદનીશ કમિશનરશ્રી- (કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સર્વે આદિજાતિ વિકાસ અધિકારીશ્રી (આશ્રમશાળા)-(કમિશનરશ્રી(આ.વિ.) મારફતે)
- સિસ્ટમ મેનેજરશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઇટ પર ઓનલાઇન મુકવવાની વ્યવસ્થા કરવા સારુ
- શાખા સિલેક્ટ ફાઇલ.

Signature Not Verified
Signed by:Mrs. P M Patel
Under Secretary
Date: 2024.06.11
12:07:16 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign